# રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૧૦૨૦ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૭ લોકોનાં મૃત્યુ : અત્યાર સુધીમાં કુલ ૬૪૬૮૧૫૪ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૬૪૫૯૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા.૮

ભારતમાં ગત ૨૪ કલાકમાં ૪૫૦૦૦ નવા કેસ સામે આવ્યા છે. જેના કારણે દેશમાં કોરોનાનો કુલ આંકડો પણ ૮૫ લાખ થયો છે. હાલ દેશમાં ૫,૧૨,૬૬૫ લોકોની સારવાર ચાલી રહી છે. ભારતભરમાંથી સૌથી વધુ કોરોનાનો કહેર કેરળમાં છે જ્યાં ૨૪ કલાકમાં ૭૨૦૧ કેસ સામે આવ્યા છે તો દિલ્હીમાં ૬૯૫૩ કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં આંકડો ઘટ્યો છે તો ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં ૧૦૨૦ નવા કેસ સામે આવ્યા છે. જેથી હવે કોરોનાનો કુલ આંકડો પણ ૧૮૦૬૯૯ થયો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૧,૧૯૧ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૬૪,૬૮,૧૫૪ થયો છે. રાજ્યમાં ૧૦૨૦ નવા દર્દીઓ સામે ૮૧૯ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૬૪,૫૯૬ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૭૮૭.૫૫ ટેસ્ટ થાય છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૦૧,૪૮૭ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૦૧,૩૯૭ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૯૦ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૨,૩૪૦ એક્ટિવ કેસ છે. જેમાંથી ૬૮ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૨,૨૭૨ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. કોરોના વાયરસની મહામારી વધી રહી છે અને રાજ્યમાં આજરોજ કોવિડ-૧૯ના કારણે કુલ ૭ વ્યક્તિઓના દુઃખદ મૃત્યુ થયા છે. જેમાં સાબરકાંઠામાં ૧, અમદાવાદ કોર્પોરેશનમાં ૨, ગાંધીનગરમાં ૧, સુરત કોર્પોરેશનમાં ૨, બનાસકાંઠામાં ૧ દર્દીના મોતનો સમાવેશ થાય છે. જેથી રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૩૭૬૩ થયો છે.





## કોબાના કૈલાશનગર ખાતે નુતન જિનાલયનો શિલાન્યાસ

ગાંધીનગરના કોબા ખાતે કૈલાશનગરમાં નુતન જિનાલયનું નિર્માણ થવા જઈ રહ્યું છે. આજે મંગળ મુહુર્તમાં ઉલ્લાસપૂર્વક યોજયેલા કાર્યક્રમમાં જૈન સંપ્રદાયના રાષ્ટ્ર સંત આચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં આચાર્ય અરૂણોદય સાગર મસા. તેમજ પ્રશાંતસાગર મ.સા.ની ઉપસ્થિતિ સાથે શિલાન્યાસ વિધિ યોજાઈ હતી. આ પ્રસંગે ગાંધીનગરના શ્વેતાંબર જૈન સંઘના આંગણે ચાતુર્માસ કરી રહેલા આચાર્ય પદ્મસાગર સુરીશ્વરજી મ.સા. સહિતના જૈનાચાર્યોનો જયજયકાર કરવામાં આવ્યો હતો. સમગ્ર શિલાન્યાસ કાર્યક્રમ કોવિડ-૧૯ની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખીને સંપન્ન કરવામાં આવ્યો હતો.

## પાલનપુર તાલુકાના ચંડીસર નજીકથી રેતી ભરેલ બે ડમ્બર ઝડપાયા

પાલનપુર

બનાસકાંઠા ભૂસ્તર વિભાગ દ્વારા પાલનપુર તાલુકાના ચંડીસર નજીકથી રોયલ્ટીની ચોરી કરી રેતીની હેરાફરી કરતા બે ડમ્પરોને ઝડપી લઈ રૂ.રૂ.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કરી રૂ.૪.૬૫ લાખ દંડ વસુલવાની કાર્યવાહી હાથ ધરી છે.જેના પગલે ભૂમાફીયાઓમાં ફફડાટ પ્રસરી ગયો છે. બનાસકાંઠામાં ગેરકાયદેસર રેતીની હેરાફેરી કરવામાં આવતી હોવાની ફરીયાદો ઉઠવા પામી હતી.

## આપની આજ

મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫
- ભાવેશ એન પટ્ટણી
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

### આજનું પંચાંગ

| | |
|---|---|
| ઉદિત તિથિ | કૃષ્ણ પક્ષ અષ્ટમી સવારે ૬:૫૦ સુધી, ત્યાર બાદ નવમી ૧૦ નવેમ્બરની સવારે ૫:૨૭ સુધી, ત્યાર પછી દસમી |
| વાર | સોમ |
| નક્ષત્ર | આશ્લેષા સવારે ૮:૪૩ સુધી, ત્યાર બાદ મઘા |
| કરણ | કૌલવ સવારે ૬:૫૦ સુધી, ત્યાર બાદ તૈતિલ સાંજે ૬:૧૪ સુધી, પછી ગજ તારીખ ૧૦ ના સવારે ૫:૨૭ સુધી, પછી વાણિજ |
| યોગ | બ્રહ્મા ૧૦ નવેમ્બરના ૧:૩૧ સુધી ત્યાર પછી ઈન્દ્ર |
| આજની રાશિ | કર્ક સવારે ૮:૪૩ સુધી, ત્યાર પછી સિંહ |
| રાશિના અક્ષરો | ડ. હ. સવારે ૮:૪૩ સુધી, પછી મ. ટ. |

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

**મેષ (અ. લ. ઈ.)**

આજે પોતાના કામકાજમાં સારું પરફોર્મન્સ કરી શકશો. એકાગ્રતામાં વધારો થતાં કામોમાં સારાં પરિણામો મળશે. અન્ય લોકો સાથે ઈગો-કલેશ ન થાય તે સાચવજો. પ્રિય પાત્રો સાથે સારી વાતો થાય કે સારો સમય પસાર થાય. ગ્રહો આપની તરફેણમાં છે. લાભ લેવા કોશિશ કરજો.

**વૃષભ (બ. વ. ઉ.)**

આજે આપને પોતાના ઘર કે વાહન અંગે ગર્વ લેવાની ઈચ્છા થાય. બીજા લોકો સાથેના આપના વ્યવહારમાં આપની ઈમેઈજ એક દૃઢ નિશ્ચયી વ્યક્તિ તરીકેની પડશે. માતા-પિતા સાથે સંપર્ક વધે અથવા વાતચીત વધે. મહત્વના કામો ટાળજો કેમ કે વિલંબની શક્યતાઓ છે. ધીરજ રાખવી.

**મિથુન (ક. છ. ઘ)**

આપ આજે જે કોઈ પણ બાબતે વાત કરશો તે બાબતે આપ સ્પષ્ટ હશો. આપ વધારે કન્વિકશન સાથે વાત કરી શકશો. જે તે મુદ્દે આપની પાસે જ્ઞાન કે માહિતી પાક્કા હશે. જો આપને બીજા લોકો સાથેના વ્યવહારમાં અમુક ચોખવટ કરવી હોય તો આજનો દિવસ ઉત્તમ છે. લખાણ દ્વારા વધુ સ્પષ્ટતા થાય.

**કર્ક (ડ. હ.)**

જો આજે પૈસા ખર્ચ કરવા બેસશો તો ઘણો વધારે ખર્ચ થઈ જવાનું દુઃખ ભવિષ્યમાં થશે. શોપિંગ સ્પ્રી પર – ખરીદી કરવા ન નીકળો તો સારું. ઓનલાઈન શોપિંગનો વિકલ્પ પણ વધુ ખર્ચ કરાવી દે, તેવું બને. આજના દિવસે પરિવાર અને નિકટના સ્નેહીઓ સાથે સમય પસાર કરવાની મજા આવશે. આવકના યોગ સારા છે.

**સિંહ (મ. ટ.)**

આપ પોતાના વિચારો અને મતોમાં સામાન્ય રીતે બહુ જ દૃઢ હોવ છો. આજે દ્રઢતામાં વધારો થવાનો છે. આપ એવું વિચારશો કે કેવી રીતે સામે વાળી વ્યક્તિને અભિભૂત કરી દઉં ! પોતાની ઈમ્પ્રેશન સારી પડે તે માટેના પ્રયાસમાં આપ બીજાની લાગણીઓને ઠેસ ન પહોંચે તે ખાસ જોજો. પોતાની જ માટે ખર્ચ થવાની સંભાવના બહુ જ વધારે છે.

**કન્યા (પ. ઠ. ણ)**

આજના દિવસે કોઈની પણ સાથે વ્યવહારમાં સાચવજો. કામકાજમાં પણ બને એટલા કેરફુલ રહેજો. આજનો દિવસ આપના માટે બહુ સારો ન હોવાથી, શક્ય છે કે કોઈ ગફલત થઈ જાય. ભૂલ થઈ જાય. જો આપ તકેદારી ન રાખો તો માત્રા બહારનો ખર્ચ પણ થઈ શકે. બિઝનેસમાં નુકસાનથી બચો.

**તુલા (ર. ત.)**

આજે અણધાર્યો લાભ થઈ શકે. લાભ માત્ર નાણાકીય હોય એવું નથી. કોઈ મિત્ર સાથેની મુલાકાત, કોઈ વ્યક્તિ સાથેનું અનુસંધાન, કોઈ નવો પરિચય – આ બધું પણ લાભપ્રદ હોઈ જ શકે. આજે આપ પોતાના વ્યવસાયમાં સફળતાને આંબી શકશો. જો નોકરી કરતાં હશો તો આપને પ્રગતિના આસાર જણાશે અંગત જીવન મધુરું બને.

**વૃશ્ચિક (ન. ય.)**

આપનું ધ્યાન કાર્યક્ષેત્ર પર વધારે અને ઘરમાં ઓછું હશે. એવું નથી કે આપ ઘરે કે પારિવારિક મુદ્દાઓમાં રસ નથી લેવા માગતા પણ આપની પાસે સમય નહીં હોય. જો આપ પ્રયાસ કરશો તો થોડો સમય ફાળવી શકશો. જે લોકો બિઝનેસમાં છે તેમને નવા એવન્યુઝ ઓપન થાય. નોકરીયાતો માટે પણ સફળતાનો દિવસ કહી શકાય.

**ધન (ભ. ફ. ધ. ઢ)**

આજના દિવસે ગ્રહો આપની તરફેણમાં હોવાનો ફાયદો થશે. આજે બીજા લોકો આપને પ્રાધાન્ય આપશે. આપ પ્રશંસાથી દોરવાશો નહીં. આપ કોઈ પણ વ્યવહારમાં પાછા નહીં પડો. બધી બાબતોની ગરિમા જળવાય તેવી રીતે વર્તશો. આજના દિવસે આપના માન-પાનમાં વધારો થશે. કોઈ નવું કામ શરુ થઈ શકે.

**મકર (ખ. જ.)**

આજે ઊર્જા ઓછી હોય તેમ લાગશે. થાક અનુભવાશે. કદાચ મૂડ પણ વારંવાર બદલાય તેવું બને. જે કામો સરળતાથી પૂરાં થતાં હોય તેમાં વિલંબ થાય, અથવા ધાર્યા પાસાં પાર ન પડે તેવું બને. જે લોકો પોતાના માટે કામ કરે છે તેમના માટે સંઘર્ષનો દિવસ. નોકરી કરતાં લોકો માટે ચેલેન્જીંગ દિવસ બની રહેશે.

**કુંભ (ગ. શ. સ.)**

આજે આપ પોતાના વિચારો અને વાણીમાં મક્કમ રહેશો. પોતાનો મત જલદી નહીં બદલો. આપને એવું લાગશે કે દુનિયા આપને જુદી દ્રષ્ટિથી જોઈ રહી છે. આપની કોઈ પણ બાબત બીજા લોકોથી ખાનગી નહિ રહે. મનોભાવો છુપાવી નહીં શકો. પ્રદર્શિત થઈ જ જશે. એમ થાય તો એમાં ખોટું નથી, ખાલી કોઈને ખોટો સિગ્નલ ન જાય તે જોજો.

**મીન (દ. ચ. ઝ. થ)**

આજના દિવસે એવું ન થાય કે વધુ કામ કરવામાં તબિયત ખોરવાય. ધ્યાન રાખજો કે આપનું ડાયજેશન બરાબર કામ કરે. પેટની ગરબડ, બીજી કોઈ તબિયત અંગેની સમસ્યા – આ બાબતોને બાદ કરતાં આજનો દિવસ સારો જ છે. ઠંડા પદાર્થોનું સેવન ન કરતાં. આજે કાર્યભાર હોવા છતાં, જરૂરી આરામ કરી જ લેજો.

## તોડનારો નહીં

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમાં લગભગ ૧૧ લાખ બિન દસ્તાવેજી અપ્રવાસીઓ માટે નાગરિકતા રોડમેપ પ્રદાન કરીને પરિવારોને પ્રાથમિકતા પર રાખવામાં આવશે. તેમાં ભારતના ૫ લાખથી વધુ અપ્રવાસી સામેલ છે. એવામાં શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે બાઈડન પ્રશાસન પરિવાર આધારિત ઈમિગ્રેશન પ્રણાલીનું સમર્થન કરશે અને અમેરિકાના ઈમીગ્રેશન પ્રણાલીના મૂળ સિદ્ધાતના રૂપમાં પરિવારના એકીકરણને સંરક્ષિત કરશે. તેમાં પરિવાર વીઝા બેકલોગને ઓછો કરવો પણ સામેલ છે. તેની સાથે જ બાઈડનનું નવું પ્રશાસન અમેરિકામાં દર વર્ષે આવનારા શરણાર્થીઓની નિયત ન્યૂનતમ સંખ્યા ૯૫ હજાર અંગે પણ કોંગ્રેસ સાથે કામ કરશે. આ ઉપરાંત કહેવામાં આવી રહ્યું છે કે બાઈડન તરફથી આ સંખ્યા ૧.૨૫ લાખ પણ કરવાની યોજના પર કામ કરશે. તેનાથી અમેરિકામાં

આવનારા શરણાર્થીઓને નાગરિકતા મળવાનો રસ્તો સાફ થઈ જશે. બાઈડન પ્રશાસનની યોજના એક મોટા ઈમિગ્રેશન સુધાર પર કામ કરવાના છે. પ્રશાસન એકસાથે કે ટુકડામાં આ સુધારાઓને લાગુ કરશે. બાઈડેન અભિયાન દ્વારા જાહેર દસ્તાવેજમાં કહેવામાં આવ્યું છે કે, ઉચ્ચ કૌશલના અસ્થાયી વીઝાનો ઉપયોગ પહેલાથી અમેરિકામાં વિભિન્ન પદો પર કામ કરવા માટે પ્રોફેશનલ્સની નિયુક્તિનો હતોત્સાહિત કરવા માટે નહીં કરવો જોઈએ.

આ પણ વાંચો, અમેરિકાના નવા રાષ્ટ્રપ્રમુખ ચૂંટાયા બાદ જો બાઈડને કહ્યું- હું તોડનારો નહીં, જોડનારો પ્રેસિડન્ટ બનીશબીજી તરફ, અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન ઉँ-૧ ૃ વીઝા સહિત અન્ય ઉચ્ચ કૌશલ વીઝાની મર્યાદા પણ વધારી શકે છે. આ ઉપરાંત તેઓ વિભિન્ન દશો માટે રોજગાર આધારિત વીઝાના કોટાને સમાપ્ત કરી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે આ બંને જ પગલાથી હજારો ભારતીય પ્રોફેશનન્સને ફાયદો થશે. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનની કેટલીક ઈમિગ્રેશન નીતિઓથી ભારતીય પ્રોફેશનલ્સ ખરાબ રીતે પ્રભાવિત થયા હતા.

## માસ ટેસ્ટીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારોમાં સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્ક ફરજીયાત પહેરવા તેમજ સતત હેન્ડવોશ સેનીટાઈઝેશન અને કન્ટેનમેન્ટ જોનના અમલીકરણ અંગે પણ તંત્રએ વ્યુહરચનામાં સમાવેશ કર્યો છે.

જિલ્લામાં કોરોનાના મોનીટરીંગ માટે સુ.શ્રી સુનયના તોમરના અધ્યક્ષપદે રચાયેલ ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં આયોજનને આખરી ઓપ પણ આપી દેવાયો હોવાનું જાણવા મળેલ છે.

## ૨૦ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૫ જે કોરોના માટે અતિ સંવેદનશીલ બની ઉભરી આવ્યુ છે ત્યાંથી આજે ૪ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. સે. ૫ માં રહેતા ૫૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ૬૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માં રહેતી અને સિવિલ હોસ્પિટલમાં લેબોરેટરી ટેકનીશયન તરીકે ફરજો બજાવતી ૩૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૬ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલ ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત આસિ. પ્રોફેસર તરીકે ફરજો બજાવતા ૩૭ વર્ષીય અધ્યાપકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૭ માંથી ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૧ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. વીજાપુર ખાતે પ્રા. શાળામાં આચાર્ય તરીકે ફરજો બજાવતા શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપારંત સે. ૩૦ માં ધંધો કરતા અને સે. ૨૧માં રહેતા ૬૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૫ માં આજે એક દંપત્તિ કોરોનાની ઝપટે ચડી ગયુ છે. ૭૦ વર્ષીય પુરૂષ અને ૬૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જીઈબીમાંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જીઈબીમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતીત છે. કોલોનીમાં રહેતા ૧૬ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જીઈબી થર્મલ પાવર સ્ટેશનમાં ફરજો બજાવતા ૪૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કર્મયોગીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૩ માંથી ૨૦ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનો વિકલ્પ પસંદ કર્યો છે. સે. ૨ માંથી ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૩ માંથી ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ધોળાકુવા ગામેથી ૫૩ વર્ષીય રિક્ષા ડ્રાયવરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ ૧૫૦ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે. હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરનાર દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની કામગીરીનું ભારણ વધી જવા પામેલ છે.

આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે.

## દિવાળીની ઘરાકી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાનો સુર વેપારીઓ ઉઠાવી રહ્યા છે. કોરોનાના કપરા કાળમાં મોજશોખ તેમજ ફેશનની દુનિયા બદલાઈ ગઈ છે. ત્યારે કપડા અને સોના ચાંદી બજારમાં પણ નાગરિકોની ખરીદશકિત નહીંવત થઈ ગઈ છે. પરંતુ કોરોનાના ગ્રહણ વચ્ચે દિવાળીનો તહેવાર આવી જતા નાગરિકો હવે ધીમે ધીમે બજાર તરફ દોડ માંડી રહ્યા છે. શહેરના શોપિંગ બજારમાં ઘરાકી ખુલી છે. સરકારે પણ વર્ગ-૪ કર્મચારીઓને બોનસ આપવાની જાહેરાત કરતા ખુશીની લહેર વ્યાપી છે. ત્યારે નાના બાળકોના કપડા સહીતની ચીજવસ્તુઓની ખરીદીનુ પ્રમાણ વધ્યુ છે. આ ઉપરાંત પુષ્યનક્ષત્રમાં પણ મોડીરાત સુધી શહેરના જવલેરી બજારમાં ભારે ભીડનો માહોલ જોવા મળ્યો હતો. રાત્રિના મોડા સુધી ગોલ્ડ બજારમાં ગ્રાહકોની ભીડ રહી હતી.

આ ઉપરાંત રવિવારની રજાના દિવસે પણ મોડી રાત સુધી બજારમાં કપડા તેમજ અન્ય જરૂરી ચીજવસ્તુઓની ખરીદી માટે ગ્રાહકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. દિવાળીનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ છે. ત્યારે બજારમાં પણ ગ્રાહકોની સતત ચહલ પહલ જોવા મળી રહી છે. જેના લીધે લાંબા સમયથી સન્નાટા વચ્ચે બેઠેલા વેપારીઓમાં પણ ખુશીની લહેર જોવા મળી રહી છે. શહેરના શોપિંગ બજારમાં ઘરાકી ખુલતા વેપારીઓ પણ દિવાળી ટાંણે વ્યસ્ત અને મસ્ત જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં દુકાનોમાં જામતી ભીડ વચ્ચે સોશિયલ ડિસ્ટન્સીંગ તેમજ મોં પર માસ્કની વાત પણ સાવ વિસરાઈ ગઈ છે.

## વધુ ૧૨ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોઝીટીવ આવ્યો છે. દેવકરણના મુવાડા ગામેથી ૩૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને કર્મયોગીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પાલુન્દ્રા ગામેથી ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. ચારમાંથી બે કેસ ગ્રામ્ય વિસ્તારમાં અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવતાં તંત્ર સતર્ક બની ગયુ છે. કલોલમાં કોરોનાના કેસોની સંખ્યા પુનઃ એકવાર વધવા પામી રહી છે.

તંત્રએ સઘન સર્વેલન્સ અને કોરોનાના વિવિધ નિયમોના અમલ અંગે કડક તાકીદ કરી છે.

કલોલ તાલુકાના બારસોડિયા ગામેથી ૬૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સોજા ગામેથી પણ આજે વધુ એક કેસ મળી આવેલ છે. સોજા ગામમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. સોજા ગામેથી ૫૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

અર્બન-૨ વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવેલ છે. અર્બન-૨ વિસ્તારમાંથી ૭૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નિવૃત્ત કર્મયોગીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ખાનગી નોકરી કરતા ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પૉીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં સંક્રમિત થનાર અને સંક્રમણમાંથી મુક્ત થનાર દર્દીઓની સંખ્યા એક સરખી છે જે યોગાનુયોગ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૪૮૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૨૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ૮૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૩,૨૪૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

## દિવાળી ભેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારના લોકોનું વર્ષોનુ સપનુ પૂરુ થયું છે. હજીરામાં આજે નવા ટર્મિનલનું પણ લોકાર્પણ કરાયું છે. ભાવનગર અને સુરત વચ્ચેના આ નવા સમુદ્રી સંકલ્પ માટે તમે સૌને અભિનંદન.

તેઓએ વધુમાં કહ્યું કે, આ સેવાથી ઘોઘા અને હજીરા વચ્ચે રસ્તાનું જે અંતર ૩૪૫ કિમી હતી, તે સમુદ્રના રસ્તાથી ૯૦ કિમી થઈ જશે. જે અંતરને કવર કરવા ૧૦ થી ૧૨ કલાલનો સમય લાગતો હતો, હવે તે સફરમાં માત્ર ૩-૪ કલાક લાગશે. સમયની સાથે તે તમારો ખર્ચ પણ બચાવશે. આ ઉપરાંત રસ્તા પરથી જે ટ્રાફિક ઓછું થશે તે પ્રદૂષણ ઘટાડશે. ૮૦ હજાર ગાડી, ૩૦ હજાર ટ્રક આ નવી સર્વિસનો લાભ લઈ શકશે. જેથી પેટ્રોલ-ડીઝલ બચશે. આ કનેક્ટિવિટી આ વિસ્તારના લોકોનું જીવન બદલશે. હવે ખેડૂતોની ફળ-શાકભાજી-દૂધ સુરત પહોંચાડવામાં વધુ સરળતા મળશે. સમુદ્રના રસ્તે પશુપાલકો અને ખેડૂતોના ઉત્પાદન તેજીથી વધુ સુરક્ષિત રીતે માર્કેટ સુધી પહોંચી શકશે. વેપારીઓની સરળતા વધશે.

## આતંકવાદી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્નલ કાલિયાએ કહ્યું કે, ગોળીબારમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા. આ દરમિયાન દેશ માટે બીએસએફના કોન્સ્ટેબલ સુદીપ સરકારે પોતાના પ્રાણ આપી દીધા. બાદમાં ઓપરેશન દરમિયાન એક કેપ્ટન અને બે જવાબ શહીદ થઈ ગયા. આ રીતે આ ઓપરેશનમાં સેનાએ પોતાના ચાર જવાન ગુમાવ્યા. અથડામણના સ્થળેથી એક એકે રાઈફલ અને બે થેલા મળ્યા છે. હાલ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

## એનસીબીના દરોડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિનાની જેલ થઈ ચૂકી છે. જોકે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો સતત કાર્યવાહી કરી રહી છે. આ પહેલાં પણ ઘણા કેસ એનસીબીની સામે આવી ચૂક્યા છે. જેમાં બોલીવુડ સેલેબ્સના વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી. ઘણા બોલીવુડ સ્ટાર્સ સાથે થોડા દિવસો પહેલાં પૂછપરછ કરવામાં આવી હતી. સુશાંત સિંહ રાજપૂત કેસથી શરૂ થયેલો ડ્રગ્સ કેસ હવે ખૂબ આગળ વધી ગયો છે. તેમાં ઘણા બોલીવુડ સ્ટાર્સના નામ અત્યાર સુધી સામે આવ્યા છે. ડ્રગ્સ ચેટ કેસમાં દીપિકા પાદુકોણ અને તેમની મેનેજર કરિશ્મા પ્રકાશ સાથે પણ પૂછપરછ કરવામાં આવી. તમને જણાવી દઈએ કે થોડા દિવસો પહેલાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોની કાર્યવાહીમાં ટેલીવિઝન અભિનેત્રી પ્રતિકા ચૌહાણ અને ડ્રગ્સ પેડલર ફૈસલને પકડવામાં આવ્યા હતા. ગાંજો રાખવાના આરોપમાં બંનેની ધરપકડ થઈ હતી. આ સાથે જ ગત અઠવાડિયે એનસીબીએ સાઉથ આફ્રીકન મૂળના અગિસિલાઓસ ડેમોટ્રિએડ્સની ધરપકડ કરી હતી. તેનો સંબંધ અર્જુન રામપાલ સાથે હતો. અફિસિલાઓસ, અર્જુન રામપાલની ગર્લફ્રેંડ ગ્રેબિએલા ડેમેટ્રિએડ્સનો ભાઈ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
SURMOUNT HOSPITAL
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮